# ગુજરાત શાળા શિક્ષણ પરિષદ

સમગ્ર શિક્ષા
Samagra Shiksha

સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરની કચેરી,
સમગ્ર શિક્ષા, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯,
ગાંધીનગર.-૩૮૨૦૨૧


ક્રમાંક:એસએસ/એઆરએન્ડવીઇ/૨૦૨૫/ ૬૫૭૮૩-૯૫૦ તા.૨૩/૧૧/૨૦૨૫

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા: તમામ.

વિષય: વોકેશનલ એજ્યુકેશન માટેની સૂચક માર્ગદર્શિકા અને વોકેશનલ ટ્રેનરની શૈક્ષણિક લાયકાત બાબત...

સંદર્ભ: (૧) અત્રેની કચેરીનો તા.૨૬/૦૮/૨૦૨૫નો પત્ર
(૨) એ.આર.&વી.ઇ. શાખાની તા.૧૫/૯/૨૦૨૫ની નોંધ પર માન.એસ.પી.ડી.શ્રીની મળેલ મંજૂરી અન્વયે
(૩) એ.આર.&વી.ઇ.શાખાની તા.૧૧/૧૧/૨૦૨૫ની નોંધ પર માન.એસ.પી.ડી.શ્રીની મળેલ મંજૂરી અન્વયે

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦માં વોકેશનલ એજ્યુકેશનને ખુબ મહત્વ આપવામાં આવ્યું છે. જે અન્વયે શિક્ષા મંત્રાલય, ભારત સરકાર અને PSSCIVE, ભોપાલ વોકેશનલ એજ્યુકેશનના અસરકારક અમલીકરણ માટે પ્રયત્નશીલ છે. જેના પરિણામ સ્વરૂપે ગુજરાત રાજ્યમાં સમગ્ર શિક્ષા અંતર્ગત ૧૭૩૨ જેટલી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વોકેશનલ એજ્યુકેશન કાર્યરત છે.

(૧) ગુજરાતમાં સમગ્ર શિક્ષા અંતર્ગત તમામ જિલ્લાઓમાં વોકેશનલ ટ્રેનર, વોકેશનલ શાળાઓની વોકેશનલ વિષયની પસંદગી, મંજૂરી મળ્યા બાદ વોકેશનલ ટ્રેડ કાર્યરત રાખવા, વોકેશનલ લેબ, ગ્રાન્ટ વપરાશ, નિભાવવાના રેકર્ડ અને વોકેશનલ અંતર્ગત નવી દરખાસ્તો, એકેડમિક રિસોર્સ પર્સનની કામગીરીનું મોનીટરીંગ અને વોકેશનલ સંબંધિત પરિપત્રોના અમલીકરણમાં એકસૂત્રતા રહે તે હેતુથી સૂચક માર્ગદર્શિકા તૈયાર કરવામાં આવેલ છે. જે આ સાથે બિડાણ-૧ માં સામેલ છે.

(૨) રાજ્યમાં વોકેશનલ શાળાઓમાં વોકેશનલ ટ્રેનર દ્વારા શૈક્ષણિક કાર્ય કરવામાં આવે છે. વોકેશનલ ટ્રેનર પ્રોવાઈડર (VTP) એજન્સી દ્વારા PSSCIVE, ભોપાલ દ્વારા નિર્દેશ કરેલ લાયકાત મુજબના વોકેશનલ ટ્રેનરની પસંદગી કરવામાં આવે છે.

અત્રેની કચેરીના તા.૨૬.૮.૨૦૨૫નાં પત્રના સંદર્ભમાં રાજ્ય કચેરી, ગાંધીનગર ખાતે તા:૦૪/૧૧/૨૦૨૫ના રોજ થયેલ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની મિટિંગમાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ દ્વારા થયેલ મૌખિક રજૂઆત અન્વયે PSSCIVE ભોપાલની લાયકાત મુજબના વોકેશનલ ટ્રેનર મળતા ન હોવાથી લાયકાતમાં છૂટછાટ આપવા રજૂઆત કરેલ. જે ધ્યાને લઇ સંદર્ભ (૩) થી મળેલ મંજૂરી અન્વયે વોકેશનલ ટ્રેનરની શૈક્ષણિક લાયકાતમાં છૂટછાટ આપવામાં આવે છે. જેની વિગતવાર માહિતી

આ સાથે બિડાણ- (૨) માં સામેલ છે. ટેબલમાં દર્શાવેલ કોલમ-૪ ની લાયકાત મુજબના VTની સેવા એજન્સી દ્વારા મેળવવાની રહેશે. તે માટે નીચેની બાબતો પણ ધ્યાને લેવાની રહેશે.

2A. ટેબલમાં દર્શાવેલ તમામ લાયકાત AICTE, UGC, DET સરકાર માન્ય સંસ્થાઓમાંથી મેળવેલ હશે તો માન્ય રહેશે. ડીપ્લોમા/આઈ.ટી.આઈ. કોર્ષનો સમયગાળો ઓછામાં ઓછો ૧ (એક) વર્ષ કે તેથી વધુ સમયગાળાનો હોવો જોઇશે.

2B. ડીપ્લોમા અને આઈ.ટી.આઈ.ની લાયકાત ધરાવતા ઉમેદવારોની પસંદગી કરતી વખતે કોર્ષના સમયગાળા ને પણ ધ્યાનમાં રાખીને વધુથી ઓછા સમયગાળાના કોર્ષ ધરાવતા ઉમેદવારોની ક્રમશઃ પસંદગી કરવાની રહેશે. એટલે કે વધુ સમયગાળાનો કોર્ષ કરેલ હોય તેવા ઉમેદવારને પ્રથમ પસંદગી આપવાની રહેશે. ત્યારબાદ જ તેનાથી ઓછા સમયગાળાનો કોર્ષ કરેલ હોય તેવા ઉમેદવારની પસંદગી કરવાની રહેશે. (ઉદાહરણઃ કોઈ એક ટ્રેડ માટે આઈ.ટી.આઈ.નો ૨ વર્ષનો કોર્ષ તથા ૧ વર્ષનો કોર્ષ કરેલ ઉમેદવાર ઉપલબ્ધ હોય તો તે પૈકી પહેલાં ૨ વર્ષનો કોર્ષ કરેલ ઉમેદવારની પસંદગી કરવાની રહેશે. ત્યારબાદ જ ૧ વર્ષનો કોર્ષ કરેલ ઉમેદવારની પસંદગી કરવાની રહેશે.)

2C. વોકેશનલ ટ્રેનરની શૈક્ષણિક લાયકાતના આ સાથે સામેલ Annexure -2માં કોલમ-2માં દર્શાવેલ ટ્રેડની સામે કોલમ નં-૪ Proposed Change for Gujarat Stateમાં દર્શાવેલ ક્રમ મુજબ ઉપરથી નીચે તરફ અગ્રતા આપીને VTની પસંદગી VTP દ્વારા કરવાની રહેશે. એટલે કે ક્રમ નં-(૧)માં દર્શાવેલ લાયકાત ધરાવતા ઉમેદવાર ઉપલબ્ધ હોય તો ક્રમ નં-(૨) અથવા તેથી નીચેની લાયકાત ધરાવતા ઉમેદવાર પસંદ કરવાના રહેશે નહિ. જો ક્રમ નં-(૧)માં દર્શાવેલ લાયકાત ધરાવતા ઉમેદવાર ન મળે તો જ ક્રમ નં-(૨)માં દર્શાવેલ લાયકાત ધરાવતા ઉમેદવારની પસંદ કરવાની રહેશે. તેવી જ રીતે ક્રમશઃ ઉપરના ક્રમમાં દર્શાવેલ લાયકાત ધરાવતા ઉમેદવાર ન મળે તો જ તેનાથી નીચેના ક્રમમાં દર્શાવેલ લાયકાત ધરાવતા ઉમેદવારની પસંદગી કરવાની રહેશે.

રાજ્યમાં વોકેશનલ એજ્યુકેશનના સુચારુ અમલીકરણ હેતુ આ સાથે બિડાણમાં સામેલ સૂચક માર્ગદર્શિકા અને વોકેશનલ ટ્રેનરની શૈક્ષણિક લાયકાત અંગે જરૂરી કાર્યવાહી કરવાની રહેશે.

<u>બિડાણ :</u>

(૧) Annexure -1 વોકેશનલ એજ્યુકેશનની સૂચક માર્ગદર્શિકા

(૨) Annexure- 2 વોકેશનલ ટ્રેનરની શૈક્ષણિક લાયકાત

(શિલ્પા પટેલ)
સચિવ
સ્ટેટ પ્રોજેક્ટ ઓફિસ
સમગ્ર શિક્ષા, ગાંધીનગર

નકલ રવાના કાર્યવાહી અર્થે:

- VTPs, તમામ

નકલ સવિનય જાણ સારુ:

- માન.એસ.પી.ડી.શ્રી, સદર કચેરી,
- માન.એ.એસ.પી.ડી.શ્રી, સદર કચેરી

જી સેવા

# સમગ્ર શિક્ષા – ગુજરાત

## વ્યાવસાયિક શિક્ષણ (વોકેશનલ એજ્યુકેશન) સૂચક માર્ગદર્શિકા-૨૦૨૫

### Annexure -1

સમગ્ર શિક્ષા વોકેશનલ એજ્યુકેશન અંતર્ગત શિક્ષા મંત્રાલય ભારત સરકાર, PSSCIVE ભોપાલ અને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ અન્વયે વોકેશનલ એજ્યુકેશનના અસરકારક અમલીકરણ માટે સમગ્ર રાજ્યના તમામ જિલ્લાઓમાં વોકેશનલ ટ્રેનર, વોકેશનલ શાળાઓની વોકેશનલ વિષયની પસંદગી, મંજૂરી મળ્યા બાદ વોકેશનલ ટ્રેડ કાર્યરત રાખવા, વોકેશનલ લેબ, ગ્રાન્ટ વપરાશ, નિભાવવાના રેકર્ડ અને વોકેશનલ અંતર્ગત નવી દરખાસ્તો, એકેડમિક રિસોર્સ પર્સનની કામગીરીનું મોનીટરીંગ અને વોકેશનલ સંબંધિત પરિપત્રો અમલીકરણમાં તમામ જિલ્લાઓમાં એકસૂત્રતા રહે તે હેતુથી એ.આર.&વી.ઇ. શાખા દ્વારા તૈયાર કરવામાં આવેલ 1 થી 27 મુદ્દાની ગાઈડલાઈન તૈયાર કરવામાં આવેલ છે. આ ગાઈડલાઈનની વિગતો નીચે મુજબ છે.

1. નિયત લાયકાત ધરાવતા VTની સેવા સંબંધિત એજન્સી મારફત આઉટસોર્સિંગથી લેવાની રહેશે.
2. યોગ્ય નિયત લાયકાત ધરાવતા ઉમેદવાર પ્રાપ્ત ન થાય તેવા સંજોગોમાં જ, જ્યાં સુધી નિયત લાયકાત ધરાવતા ઉમેદવાર પ્રાપ્ત ન થાય ત્યાં સુધી જ વિઝિટીંગ લેક્ચરરની સેવા લેવાની રહેશે. વિઝિટીંગ લેક્ચરરની પસંદગી માટે નિયત લાયકાતથી ક્રમિક નીચે ઉતરતા ક્રમમાં ઉમેદવાર પ્રાપ્ત થાય ત્યાં સુધીની છૂટછાટ આપવાની રહેશે.
3. વિઝિટીંગ લેક્ચરરની સેવા લેવા અંગેની કાર્યવાહી જિલ્લા શિક્ષણાધિકારી કક્ષાએથી કરવાની રહેશે. આ માટે જે તે જિલ્લાની જે શાળામાં નિયત લાયકાત ધરાવતા ઉમેદવાર પ્રાપ્ત ન થાય તે શાળામાં જિલ્લા કક્ષાએથી વિઝિટીંગ લેક્ચરરની સેવા લેવા અંગે VTની પસંદગી કરવાની રહેશે.
4. નિયત લાયકાત ધરાવતા VTની એજન્સી દ્વારા આઉટસોર્સિંગથી નિયુક્તિ માટે એજન્સી દ્વારા જે તે જિલ્લામાં સ્થાનિક સમાચારપત્ર, મીડિયા, રોજગાર કચેરી, આઈ.ટી.આઈ.માં જાહેરાત કરી અરજી મંગાવવાની રહેશે. એજન્સી દ્વારા અરજીની ચકાસણી કરી ઉમેદવારના જરૂરી ડોક્યુમેન્ટ સાથેની યાદી એજન્સી જિલ્લા શિક્ષણાધિકારીને મોકલશે. જિલ્લા શિક્ષણાધિકારીએ એજન્સી દ્વારા મોકલેલ યાદી તથા ડોક્યુમેન્ટની ચકાસણી કરી ઈ-મેઈલ દ્વારા એજન્સીને જાણ કરશે. ત્યારબાદ જ એજન્સી VTની નિયુક્તિ કરી શકશે.ઉમેદવારને નિયુકિત આપવા અંગેની જાણ એજન્સીએ જિલ્લા શિક્ષણાધિકારી અને ઉમેદવાર એમ બંન્ને કક્ષાએ એજન્સીના રજીસ્ટર્ડ માન્ય ઇમેઈલ દ્વારા કરવાની રહેશે. સદર બાબતની જાણ જિલ્લા શિક્ષણાધિકારીએ શાળાને કરવાની રહેશે.
5. ઉમેદવારના પ્રમાણપત્રો સાચા છે કે ખોટાં તે અંગેની રાજ્યની ડીગ્રી કે રાજ્ય બહારની ડીગ્રીની બાબતમાં પ્રમાણપત્રો જે તે કોલેજ/યુનિવર્સિટીમાં મોકલી ખરાઈ કરવાની કામગીરી જિલ્લા શિક્ષણાધિકારી એ જ કરવાની રહેશે.
6. ઉમેદવાર પોતાના નામે જ રજીસ્ટર્ડ ખાનગી સંસ્થામાં કામ કર્યાનો અનુભવ હોય તો તે માન્ય ગણાશે.

7. ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનીકલ એજ્યુકેશન (AICTE), UGC, DET સરકાર માન્ય સંસ્થાઓમાંથી મેળવેલ ડીગ્રી, ડીપ્લોમા માન્ય ગણાશે. તથા નિયત લાયકાત મેળવ્યા બાદનો જ અનુભવ માન્ય રાખવાનો રહેશે.
8. જિલ્લા શિક્ષણાધિકારીને લેખિતમાં જાણ કર્યા સિવાય એજન્સી કોઇપણ પગલાં લઇ શકશે નહિ.
9. એજન્સીએ નિર્ધારિત નિયમોનું પાલન તમામ જિલ્લાઓમાં એકસમાન ધોરણે કરવાનું રહેશે.
10. રાજ્ય કચેરી દ્વારા તૈયાર કરવામાં આવેલ લાઈટહાઉસ એપ્લિકેશનમાં નિમણૂક થયેલ VTના નિયત લાયકાત તથા અનુભવના પ્રમાણિત દસ્તાવેજો જે તે ટ્રેડને લગત એજન્સીએ વાંચી શકાય તેવા ફોર્મેટમાં દિન-૭માં ક્રમિક રીતે અપલોડ કરવાના રહેશે.
11. નોકરીની સાથે, ચાલુ નોકરીના કલાકોમાં ડીગ્રી મેળવી હોય તે ડીગ્રીને લાયકાતના ભાગ રૂપે માન્ય ગણાશે નહી. પરંતુ નોકરીના કલાકો સિવાયના સમયમાં મેળવેલ ડીગ્રી માન્ય ગણાશે. પરંતુ આ પ્રકારની ડીગ્રી માટે ઉમેદવારે જરૂરી પુરાવા પુરા પાડવાના રહેશે.
12. VT તરીકે કાર્યરત મહિલાઓને પ્રસુતિ રજાનો લાભ મળવાપાત્ર રહેશે નહિ. પરંતુ જે તે મહિલાને મુળ શાળામાં જાળવી રાખવામાં આવશે. એટલે કે જે તે મુળ શાળામાં રાજીનામુ આપવાનું રહેશે નહિ. પ્રસુતિના સમયગાળા દરમિયાન શાળામાં વિઝિટીંગ લેકચરરની વ્યવસ્થા નિયત લાયકાત અનુસાર કરવાની રહેશે.
13. જે શાળાઓ એક વાર વોકેશનલ ટ્રેડ લીધા બાદ ટ્રેડ બંધ કરવા, ટ્રેડ બદલી આપવા કે ગ્રાન્ટ વપરાશ સહિતના ગેરરીતિના કિસ્સામાં જે તે શાળાને ૫ (પાંચ) વર્ષ સુધી બ્લેકલીસ્ટ/લોકીંગ પીરીયડની યાદીમાં મુકવામાં આવશે. તથા જે તે શાળાને ફાળવવામાં આવેલ લેબ, ગ્રાન્ટની સહિતની તમામ રીકવરી શાળા પાસેથી વસૂલવામાં આવશે.
14. વોકેશનલ ટ્રેનરની નિયુક્તિનો કરાર શૈક્ષણિક વર્ષ દરમિયાન ૧ જૂન થી ૩૦ એપ્રિલ સુધીનો જ રહેશે. ૩૦મી એપ્રિલે કરાર સમાપ્ત થયેલ ગણાશે. જેનો ઉલ્લેખ એજન્સીએ નિમણૂક આપતી વખતે જ કરવાનો રહેશે. તથા મે મહિનામાં જો VTને કામગીરી સોંપવામાં આવે તો જરૂરી દિવસનો વિરામ આપ્યા બાદ દૈનિક રૂ.૬૦૦/-લેખે ચુકવણી કરીને કામગીરી કરાવી શકાશે. મે મહિનામાં VTને આ કામગીરી સોંપવાની બાબત તથા દૈનિક રૂ.૬૦૦/- ચૂકવણા અંગેની પ્રક્રિયા જિલ્લા શિક્ષણાધિકારી કક્ષાએથી કરવાની રહેશે.
15. જે સરકારી શાળામાં વોકેશનલ વિષય ચલાવવા કે લેબ ઇન્સ્ટોલ કરવા અલગ રૂમની સુવિધા ન હોય એ શાળામાં રૂમ ઉપલબ્ધ કરાવવા જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા રાજ્ય કચેરીની સિવિલ શાખાને પત્રથી ઘટતું કરવા જાણ કરી શકશે.
16. વોકેશનલ શાળામાં ફાળવેલ વોકેશનલ ગ્રાન્ટ સંદર્ભે રાજ્ય કચેરી દ્વારા અલગથી ઓડીટ કરવામાં આવશે. આ અંગે જરૂરી SOP હિસાબી શાખા દ્વારા તૈયાર કરવામાં આવશે.
17. વોકેશનલ ગ્રાન્ટ વપરાશ વખતે GST નંબરવાળા બીલનો જ આગ્રહ રાખવો. તથા ગ્રાન્ટની વપરાશમાં રોકડ વ્યવહારના બદલે બેન્ક દ્વારા જ જરૂરી માધ્યમથી વ્યવહાર કરવાના રહેશે.
18. VTની એજન્સી મારફત સેવા જે શાળામાં ચાલુ હોય તે શાળામાંથી અન્ય શાળામાં ફેરફાર એજન્સી (VTPs) કરી શકશે નહી.

19. કર્મચારીની ફિલ્ડ વિઝીટનું આયોજન સમગ્ર શિક્ષાના કેલેન્ડર મુજબ કરવાનું રહેશે તથા રીપોર્ટીંગ જિલ્લા શિક્ષણાધિકારીને કરવાનું રહેશે.

20. નવી વોકેશનલ શાળાઓ શરૂ માટેની દરખાસ્ત નિયત ફોર્મેટમાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રી કક્ષાએથી ખરાઈ કર્યા બાદ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીના સ્વયં સ્પષ્ટ અભિપ્રાય/ભલામણ પત્ર સાથે રાજ્ય કચેરીને મોકલી આપવાની રહેશે. સદર પ્રકારની દરખાસ્ત શાળા કક્ષાએથી જિલ્લા કક્ષાએ મંગાવતા પહેલા જિલ્લા કક્ષાએથી તમામ ટ્રેડ અંતર્ગત સઘળી વિગતો અંગેની વિસ્તૃત માહિતી શાળાઓને આપવાની રહેશે. તથા શાળા કક્ષાએ જે તે ટ્રેડ ચાલુ કરવા માટેની જરૂરી પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ છે કે કેમ તે અંગેની ચકાસણી/ખરાઈ પણ જિલ્લા શિક્ષણાધિકારી કક્ષાએથી કરવાની રહેશે. ત્યારબાદ જ વોકેશનલ ટ્રેડ ચાલુ કરવાની ભલામણ કરવાની રહેશે.

21. આઈ.ટી.આઈ.ની ડીગ્રી મેળવેલ હોય તેવા કિસ્સામાં કયા ધોરણ પછી આઈ.ટી.આઈ. કરેલ છે તે બાબત ધ્યાને લેવાની રહેતી નથી. માત્ર આઈ.ટી.આઈ. ડીગ્રી મેળવેલ છે કે કેમ તે જ ધ્યાને લેવાનું રહેશે.

22. એકેડેમિક રિસોર્સ પર્સન ફોર કરિયર કાઉન્સેલિંગ પ્રવૃત્તિ ના મોનીટરીંગ હેતુ જિલ્લા શિક્ષણાધિકારીને પણ Login આપવા MGLIને રાજ્ય કચેરી દ્વારા સૂચન કરવું.

23. એકેડેમિક રિસોર્સ પર્સન ફોર કરિયર કાઉન્સેલિંગ માટે નિયુક્ત થયેલ કાઉન્સેલરએ મહિનામાં એકવાર તેમની કામગીરીનું રીપોર્ટીંગ જિલ્લા શિક્ષણાધિકારીને કરવાનું રહેશે. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી કક્ષાએથી ARP-CC ની કામગીરીનું મોનીટરીંગ/સંકલન/રિવ્યુ કરવાનું રહેશે.

24. રાજ્ય કચેરીએ આગામી વર્ષના PAB બજેટ અંતર્ગત મળતી વોકેશનલ એજ્યુકેશનને સંબંધિત ગ્રાન્ટ વિદ્યાર્થીની સંખ્યાને આધારિત માંગણી કરવાની રહેશે.

25. રાજ્ય કચેરી દ્વારા વોકેશનલ એજ્યુકેશનને લગતા તમામ ગાઈડલાઈન્સ, પત્રો, ગ્રાન્ટ વપરાશની માહિતી વગેરે બાબતો પોર્ટલ પર અપલોડ કરવાની રહેશે.

26. રાજ્ય કચેરીએ વોકેશનલ એજ્યુકેશન સંબંધિત સાહિત્ય/પુસ્તકો રાજ્ય કચેરી દ્વારા શાળા/BRC/CRC સુધી પહોંચાડવાના રહેશે.

27. VTની પસંદગી માટે મેરીટ પદ્ધતિ નિયત થયેથી વડી કચેરી દ્વારા જે તે એજન્સી/જિલ્લાને જાણ કરવામાં આવશે. ત્યારબાદ VTનો નવો કરાર કરતી વખતે મેરીટ મુજબ જ શાળાઓની ફાળવણી કરવાની રહેશે.

# સમગ્ર શિક્ષા – ગુજરાત
# વોકેશનલ ટ્રેનરની શૈક્ષણિક લાયકાત

## Annexure -2

| Education Qualification of Vocational Trainer | | | |
|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 |
| **Sr** | **Sector** | **Vocational Trainer Qualification by PSSCIVE, Bhopal** | **Proposed Change for Gujarat State** |
| 1 | Healthcare | Teacher B.Sc. Nursing and Midwifery (4 years)<br>or<br>3½ years Diploma in GNM with one year experience | 1) B.Sc. Nursing and Midwifery (4 years)<br>Or<br>2) 3½ years Diploma in GNM with 1 Year teaching/work experience<br>or<br>3) ANM with 2 years teaching / work experience |
| 2 | AGRICULTURE | Post-graduation in Horticulture from a recognized Institute/University, with at least 1 year work/teaching experience | 1) Post-graduation in Agriculture/Horticulture from a recognized Institute/University<br>Or<br>2) Graduation in Agriculture/Horticulture from a recognized Institute/University, with at least 1 year work/teaching experience<br>Or<br>3) Diploma in Agriculture/Horticulture from a recognized Institute/University, with at least 2 year work/teaching experience.<br>4) BRS in Agriculture/Horticulture from a recognized Institute/University, with at least 2 year work/teaching experience. |
| 3 | Apparel, Made ups and Home Furnishing | Post-graduation in Textile and Clothing or Relevant area from a recognized Institute /University, with at least 1 year work/teaching experience in Textile and clothing | No Change |
| 4 | RETAIL | Graduate in Retail Management or Diploma in Retail Management, P.G. Diploma in Marketing with at least 50% marks and 1 year teaching / work experience.<br><br>Preference given to higher education with MBA (Retail Marketing) and/or PG Diploma in Retail Management. | 1) MBA (Retail Marketing) /PG Diploma in Retail Management/ P.G. Diploma in Marketing<br>Or<br>2) Graduate in Retail Management<br>Or<br>2) Diploma in Retail Management with 1 year teaching/ work experience.<br>Or<br>3) PG in Commerce with 1 year teaching/work experience.<br>Or<br>4) Graduate in Commerce with 2 year teaching/work experience. |
| 5 | Automotive | Degree in Automobile/Mechanical Engineering with at least 1 year work/teaching experience<br>OR<br>Diploma in Automobile/Mechanical Engineering with at least 3 year work/teaching experience<br>OR<br>B.Voc. (Bachelor in Vocational) in Automobile with at least 2 year work/teaching experience | 1) Bachelor's Degree in Automobile/Mechanical Engineering<br>Or<br>2) B.Voc. (Bachelor in Vocational) in Automobile with at least 1 year work/teaching experience<br>Or<br>3) Diploma in Automobile/Mechanical Engineering with at least 1 year work /teaching experience<br>Or<br>4 )Two Year ITI in Automobile/Mechanical with 2 Years work/teaching experience. |

| | | | |
|---|---|---|---|
| 6 | Tourism & Hospitality | Diploma/Degree in Hotel Management from a recognized Institute/University, with at least 5 years' work/teaching experience in Food and Beverage service including one year as supervisory capacity in a classified Hotel or Facility Management Company | 1) Bachelor Degree in Hotel Management from a recognized Institute/University with 1 year professional experience<br>Or<br>2) Diploma in Hotel Management from a recognized Institute/University, with at least 2 years' work/teaching experience in Food and Beverage service including one year as supervisory capacity in a classified Hotel or Facility Management Company |
| 7 | IT-ITES | Diploma in Computer Science/Information Technology OR BCA/B.Sc. Computer Science/IT OR Graduate with PGDCA OR DOEACC A Level Certificate (minimum criteria; higher qualifications also acceptable)<br><br>Minimum 1 year work experience | 1) Bachelor's Degree in Computer Science/Information Technology/Electronics and Communication/Computer Engineering<br>Or<br>2) BCA/B.Sc. Computer Science/IT with Minimum 1 year work experience<br>Or<br>3) 1 year Diploma in Computer Science/Information Technology/Electronics and Communication/Computer Engineering with Minimum 1 year work experience<br>Or<br>4) Any Post Graduate with PGDCA OR DOEACC A Level Certificate (minimum criteria; higher qualifications also acceptable)<br>Minimum 1 year work experience.<br>Or<br>(5) Any Graduate with PGDCA OR DOEACC A Level Certificate (minimum criteria; higher qualifications also acceptable)<br>Minimum 2 year work experience. |
| 8 | Power | B. Tech in Electrical Engineering with at least 1 year work/teaching experience<br>OR<br>Diploma in Electrical Engineering with 3 years work/teaching experience | 1) Bachelor's Degree in Electrical Engineering<br>Or<br>2) Diploma in Electrical Engineering with 1 years work/teaching experience |
| 9 | Plumbing | B.Tech in Civil/Agricultural/Mechanical Engineering or B.Voc. (Bachelor in Vocation) with at least 1-year work/teaching experience<br>OR<br>Diploma in Civil/Agricultural/Mechanical Engineering with 2 years work/teaching experience | No Change |
| 10 | Electronics & Hardware | Diploma in Electronics/Mechanical/Electrical<br>OR<br>ITI Certified in relevant CITS course<br>OR<br>Bachelor Degree in Electronics/Mechanical/Electrical<br>OR<br>Graduate with Diploma in Mechanical/Electrical/Electronics<br>OR SSC certified in the said job role<br>1 year industry experience<br>2 year training experience | 1) Bachelor's Degree in Electronics/Mechanical/Electrical/ Instrumentation and Control Engineering<br>Or<br>2) Diploma in Electronics/Mechanical/Electrical/ Instrumentation and Control Engineering with Minimum 1 year work/Teaching experience<br>Or<br>3) ITI Electrical/Electronic/Electronic Mechanic course with 2 years work/teaching experience |
| 11 | Sports, Physical Education, Fitness & Leisure | Graduate with a major in Physical Education (2 years teaching/work experience) OR B.P.Ed (2 years teaching/work experience)<br>OR<br>Postgraduate in Physical Education from a recognized Institute/University | 1) Postgraduate in Physical Education from a recognized Institute/University<br>Or<br>2) Graduate with a major in Physical Education (1 years teaching/work experience)<br>Or<br>3) Any Graduate with B.P.Ed (1 years teaching/work experience)<br>Or<br>4) Any graduate national player with participation sports certificate + 2 years teaching/work experience<br>Or<br>5) Any graduate state winner player (1st, 2nd, 3rd rank only) with certificate + 2 years teaching/work experience |

| | | | |
|---|---|---|---|
| 12 | Logistics | Graduate (B.Com/BBA)<br>OR<br>3-year Diploma in Logistics Management<br>OR<br>PG Diploma in Logistics Management (min. 55% marks)<br><br>with 1-year work/teaching experience.<br><br>Preference for MBA/M.Com (Marketing/Logistics) and/or PG Diploma in Marketing or Logistics | 1) MBA/M.Com (Marketing/Logistics) and/or PG Diploma in Marketing or Logistics<br>Or<br>2) Graduate (B.Com/BBA) with 1-year work/teaching experience Logistic Management<br>Or<br>3) 3-year Diploma in Logistics Management with 1-year work/teaching experience<br>Or<br>4) PG Diploma in Logistics Management with 1-year work/teaching experience |
| 13 | Food Industry | 1. Graduation (3/4 years) in Food Science & Nutrition/Food Technology/Hotel Management/Home Science with 2 years work experience OR<br>2. 3-year Diploma in Hotel Management & Catering Technology with 2 years experience OR 3. 1-year Diploma in Culinary Arts OR 4. 1-year Craft Course with 4 years bakery experience | 1) Post-Graduation in Food Science & Nutrition/Food Technology/Hotel Management/Home Science<br>Or<br>2) Graduation (3/4 years) in Food Science & Nutrition/Food Technology/Hotel Management/Home Science with 1 years work experience<br>Or<br>3) 3-year Diploma in Hotel Management & Catering Technology with 2 years experience<br>or<br>4) 1-year Diploma in Culinary Arts with 2 year years teaching/work experience<br>Or<br>5) 1-year Craft Course with 2 years work/teaching experience |
| 14 | Banking, Financial Services and Insurance (BFSI) | Post-graduation in Commerce/Management/Finance from a recognized Institute/University with at least 1 year work experience | 1) Post-graduation in Commerce/Management/Finance from a recognized Institute/University with at least 1 year work experience<br>Or<br>2) Graduation in Commerce/Management/Finance from a recognized Institute/University with at least 2 year work experience |
| 15 | Beauty & Wellness | Diploma in Cosmetology/Beauty Therapy/Beauty Culture from a recognized Institution with at least 1 year work/teaching experience | 1) Diploma in Cosmetology/Beauty Therapy/Beauty Culture from a recognized Institution with at least 1 year work/teaching experience<br>Or<br>2) ITI in beauty parlours courses with 2 Year work/teaching experience |
| 16 | Construction | B.Tech in Civil Engineering from a recognized Institute /University, with at least 1 year work / teaching experience Or Diploma in Civil engineering with 2 year work / teaching experience | 1) Bachelor's Degree in Civil Engineering from a recognized Institute /University,<br>Or<br>2) Diploma in Civil engineering with 1 year work / teaching experience<br>Or<br>3) ITI in relevant trade such as Draughtsman Civil, Mason (Building Constructor) with 2 years work/teaching experience |

સમગ્ર શિક્ષા
Samagra Shiksha

ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરની કચેરી,
સમગ્ર શિક્ષા, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેકટર-૧૯,
ગાંધીનગર.-૩૮૨૦૨૧

ક્રમાંકઃએસએસ/એઆરએન્ડવીઇ/૨૦૨૫/૫૨૬૪૨ તા.૧૯/૦૯/૨૦૨૫

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા : તમામ.

વિષય -વોકેશનલ એજ્યુકેશન અંતર્ગત (SS, PM-SHRI) શાળાઓમાં વિઝિટીંગ લેક્ચરરની સેવાઓ લેવા બાબત.

સંદર્ભ – વોકેશનલ શાખાની તા.૧૦/૦૯/૨૦૨૫ની નોંધ પર માન.એસ.પી.ડી.શ્રીની મળેલ મંજૂરી

શ્રીમાન

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે આપને જણાવવાનું કે વોકેશનલ એજ્યુકેશન અંતર્ગત શાળા કક્ષાએ વોકેશનલ ટ્રેનરની સેવાઓ લેવામાં આવે છે. હવે પછી VTની સેવા નીચેની બે પૈકી કોઈ એક યોગ્ય પદ્ધતિથી લેવાની થાય છે.

A. નિયત લાયકાત તથા અનુભવ ધરાવતા VT ની સેવા એજન્સી દ્વારા આઉટસોર્સિંગથી.
B. જે શાળાઓમાં VT ની નિમણૂક એજન્સી દ્વારા થયેલ ન હોય તેવી શાળાઓમાં <u>અથવા</u> જ્યાં સુધી નિયત લાયકાત ધરાવતા ઉમેદવાર પ્રાપ્ત ન થાય ત્યાં સુધી તેવી શાળાઓમાં વિઝિટીંગ લેકચરર.

સમગ્ર શિક્ષા વોકેશનલ એજ્યુકેશન અંતર્ગત વિઝિટીંગ લેકચરરની સેવાઓ લેવા માટે નીચેની વિગતોને ધ્યાને લેવાની રહેશે.

1. જે શાળામાં વોકેશનલ ટ્રેનરની નિમણૂક એજન્સી દ્વારા ન થયેલ હોય તેવી શાળાઓ અથવા જ્યાં સુધી નિયત લાયકાત ધરાવતા ઉમેદવાર પ્રાપ્ત ન થાય ત્યાં સુધી તે શાળાઓમાં આ પત્રના મુદ્દા નં. 4 અને 5 ને ધ્યાને લઈને જિલ્લા શિક્ષણાધિકારી કક્ષાએથી વિઝિટીંગ લેક્ચરર માટેની વ્યવસ્થા કરી શકાશે. સદર બાબતે શાળા દ્વારા જેટલા ટ્રેડમાં વિઝિટીંગ લેક્ચરર નીમવાની જરૂરિયાત હોઈ તેની સઘળી વિગતો સાથે જિલ્લા શિક્ષણાધિકારી કચેરી ખાતે લેખિતમાં માંગણી કરવાની રહેશે. જિલ્લા શિક્ષણાધિકારી કક્ષાએથી ચકાસણી કરી યોગ્ય જણાયે મંજૂરી આપવાની તથા વિઝિટીંગ લેક્ચરરની વ્યવસ્થા કરવાની રહેશે. આ માટે લેક્ચર દીઠ એટલે કે પ્રતિ તાસ રૂ.300/- મુજબ ચૂકવણું કરવાનું રહેશે. જેમાં શાળાની જરૂરિયાત અને વિદ્યાર્થીની સંખ્યા તેમજ ધોરણને ધ્યાને લઈને વિઝિટીંગ લેક્ચરની વ્યવસ્થા કરવાની રહેશે. આ માટે શાળાએ હાજરી પત્રક, લેસન પ્લાનનું રજીસ્ટર નિભાવવાનું રહેશે. વિઝિટીંગ લેક્ચરરને પ્રતિમાસ વધુમાં વધુ રૂ. ૨૧000/-(એકવીસ હજાર પુરા)ની મર્યાદામાં સેલેરી બજેટ હેડ માંથી જ ચૂકવણું કરવાનું રહેશે.
2. દર મહિને શાળાએ સહી/સિક્કા સાથેની પ્રમાણિત હાજરીની વિગતો જિલ્લાને મોકલવાની રહેશે. તેમજ વિઝિટીંગ લેકચરરની બેન્ક ડીટેઈલ ની વિગતો પણ મોકલવાની રહેશે.

3. શાળાના પ્રમાણિત પ્રમાણપત્રને આધારે જિલ્લા કક્ષાએથી વીઝીટીંગ લેક્ચરરના ખાતામાં એકાઉન્ટ પેથી ચૂકવણું કરવાનું રહેશે.
4. વિઝિટીંગ લેક્ચરરની લાયકાત એ PSSCIVE ભોપાલ દ્વારા નિયત કરેલ લાયકાતમાં સ્થાનિક પરિસ્થિતિ, વિસ્તાર જેવા પરિબળોને ધ્યાને લઇ ઉમેદવાર પ્રાપ્ત થાય ત્યાં સુધી ક્રમિક વધુ લાયકાત તરફથી ઓછી લાયકાત તરફ નીચે ઉતરતા ક્રમમાં છૂટછાટ આપવાની રહેશે.
5. વિઝિટીંગ લેક્ચર માટે પસંદગી કરવામાં આવેલ ઉમેદવાર કરતાં ક્રમિક વધુ લાયકાત ધરાવતા ઉમેદવાર ઉપલબ્ધ હોય તો તેવા વધુ લાયકાત ધરાવતા ઉમેદવારને જ અગ્રતા આપવાની રહેશે અને તેમના કરતાં ઓછી લાયકાત ધરાવતા ઉમેદવારની પસંદગી કોઈ પણ સંજોગોમાં કરવાની રહેશે નહિ.

ઉપરોક્ત ૧ થી ૫ મુદ્દાની વિગતોને ધ્યાને લઇ બાબતે વિઝિટીંગ લેક્ચરરનો પ્રતિ તાસ રૂ.300/- (ત્રણસો રૂપિયા પુરા) મુજબ તથા માસિક વધુમાં વધુ રૂ.૨૧000/ (એકવીસ હજાર પુરા)ની મર્યાદામાં થનાર ખર્ચ વોકેશનલ એજ્યુકેશનના વર્ષ ૨૦૨૫-૨૬ના બજેટ હેડ-૬.૧.૧.૧ (વોકેશનલ ટ્રેનર સેલરી) અંતર્ગત મંજૂર ગ્રાન્ટ માંથી SS/PM SHRI અંતર્ગત કરવાનો રહેશે.

સચિવ
સ્ટેટ પ્રોજેક્ટ ઓફીસ
સમગ્ર શિક્ષા, ગાંધીનગર

સમગ્ર શિક્ષા
Samagra Shiksha

**ગુજરાત શાળા શિક્ષણ પરિષદ**
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરની કચેરી,
સમગ્ર શિક્ષા, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯,
ગાંધીનગર.-૩૮૨૦૨૧

ક્રમાંક:એસએસ/એઆરએન્ડવીઇ/૨૦૨૫/૬૫૦૨૩-૬૫૦૨૬ તા.૧૦/૧૧/૨૦૨૫

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા: તમામ.

વિષય: વોકેશનલ એજ્યુકેશન અંતર્ગત કાર્યરત જે ટ્રેડમાં ૨૫૦થી વધુ વિદ્યાર્થીઓનું નામાંકન હોય તેવી શાળાઓમાં વિઝિટિંગ લેકચરર બાબત...

સંદર્ભ: (૧) અત્રેની કચેરીના તા.૧૮.૦૯.૨૦૨૫નો પત્ર ક્રમાંક:એસએસ/એઆરએન્ડવીઇ/૨૦૨૫/૫૨૬૪૨
(૨) એ.આર.&વી.ઇ. શાખાની તા.૦૬/૧૧/૨૦૨૫ની નોંધ પર માન.એસ.પી.ડી.શ્રીની મળેલ મંજૂરી અન્વયે

શ્રીમાન,

ઉપરોક્ત વિષય સંદર્ભ અન્વયે જણાવવાનું કે સમગ્ર શિક્ષા એ.આર.એન્ડવી.ઇ. શાખા અંતર્ગત રાજ્યમાં કાર્યરત ૧૭૩૨ વોકેશનલ શાળાઓ (SS, PM SHRI) કે જેમાં ધોરણ-૯ થી ૧૨ના વોકેશનલ વિષયમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનું જેતે ટ્રેડનું ધોરણ-૯ થી ૧૨નું હાલમાં નામાંકન ૨૫૦ થી વધુ હોય તેવી શાળાઓમાં વધારાના એક વિઝિટિંગ લેકચરરની વ્યવસ્થા અત્રેની કચેરીના સંદર્ભ-(૧) પત્ર મુજબ પ્રતિ લેકચરર રૂ.૩૦૦/- મુજબ કરવાની રહેશે. આ બાબતે નીચેની વિગતો ધ્યાને લેવાની રહેશે.

(૧) જો શાળામાં ૨ ટ્રેડ હોય તો તે ૨ પૈકી જે ટ્રેડમાં ૨૫૦ થી વધુ નામાંકન હોય તે ટ્રેડમાં આ લાભ મળવાપાત્ર રહેશે. જો બન્ને ટ્રેડમાં ટ્રેડ વાઈઝ અલગ અલગ ૨૫૦ થી વધુ નામાંકન હોય તો બન્ને ટ્રેડમાં એક-એક વધારાના એમ કુલ મળીને બે વધારાના વિઝિટિંગ લેકચરરની સેવાઓ લેવાની રહેશે.

(૨) આ અંગેનું ચૂકવણું વર્ષ ૨૦૨૫-૨૬ના મંજૂર બજેટના SS/PM SHRI ના સેલરી ફોર વોકેશનલ ટ્રેનર/ટીચરના બજેટ હેડમાંથી જિલ્લા કક્ષાએથી કરવાનું રહેશે. તેમજ આ અંગે જરૂરી આનુષંગિક રેકર્ડ નિભાવવાની કાર્યવાહી કરવાની રહેશે.

(૩) જિલ્લા શિક્ષણાધિકારી કક્ષાએથી સંખ્યાની ખરાઈ કર્યા બાદ જ સદર વ્યવસ્થા કરવાની રહેશે.

(શિલ્પા પટેલ)
સચિવ
સ્ટેટ પ્રોજેક્ટ ઓફિસ
સમગ્ર શિક્ષા, ગાંધીનગર

ડૉ. એમ.એમ.પટેલ, GAS
એડીશનલ સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર
સમગ્ર શિક્ષા

સમગ્ર શિક્ષા
Samagra Shiksha

ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરની કચેરી,
સમગ્ર શિક્ષા, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯
ગાંધીનગર.-૩૮૨૦૨૧
ફોન.૦૭૯-૨૩૨ ૩૨૪૧૩
E-mail: aspd-gcsess@gujarat.gov.in

ક્રમાંકઃએસએસ/એઆરએન્ડવીઇ/૨૦૨૫/ ૬૫૧૨૯-૧૬૨ તા.૧૦/૧૧/૨૦૨૫

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા-તમામ.

વિષય – સ્કીલ કોમ્પિટિશન (કૌશલ્યોત્સવ)ના આયોજન બાબત.
સંદર્ભ - વોકેશનલ શાખાની તા:૦૬/૧૧/૨૦૨૫ની નોંધ પર માન.એસ.પી.ડી.શ્રીની મળેલ મંજૂરી.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે આપશ્રીને જણાવવાનુંકે સમગ્ર શિક્ષા અંતર્ગત રાજ્યની ૧૭૫૬ જેટલી સરકારી અને બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વોકેશનલ એજ્યુકેશન કાર્યરત છે. વોકેશનલ એજ્યુકેશન અંતર્ગત ૨ લાખ જેટલા વિદ્યાર્થીઓ રજીસ્ટર થયેલ છે. આ વિદ્યાર્થીઓને વોકેશનલ વિષયનું સૈધ્ધાતિક અને પ્રેક્ટિકલ માર્ગદર્શન મળી રહે તે હેતુથી સમગ્ર શિક્ષાના બજેટમાં ઇનોવેશન બજેટ હેડ હેઠળ શાળા, જિલ્લા અને રાજ્ય કક્ષાના કૌશલ્યોત્સવ નું આયોજન કરવામાં આવે છે.

વર્ષ-૨૦૨૫માં PAB બજેટ અંતર્ગત સ્કીલ કોમ્પિટિશન (કૌશલ્યોત્સવ) માટે બજેટ હેડ ૩.૧.૧.૧૦ સ્કીલ કોમ્પિટિશન અંતર્ગત રૂ. ૧૨૦.૦૦ લાખની જોગવાઈ મંજૂર થયેલ છે. જેની જિલ્લાવાર ગ્રાન્ટ ફાળવણીની વિગતો બિડાણ-૧માં સામેલ છે. કૌશલ્યોત્સવના શાળા કક્ષાના તેમજ જિલ્લા કક્ષાના અમલીકરણની ગાઈડલાઈન બિડાણ-૨માં સામેલ છે. આ ઉપરાંત કૌશલ્યોત્સવના અસરકારક અમલીકરણ સંદર્ભે નીચેની વિગતો ધ્યાને લેવાની રહેશે.

(૧) શાળા કક્ષાનો કૌશલ્યોત્સવ આ સાથે સામેલ ગાઈડલાઈન મુજબ નવેમ્બર-૨૦૨૫ના અંત સુધીમાં પૂર્ણ કરવાનો રહેશે.
(૨) જિલ્લા કક્ષાનો કૌશલ્યોત્સવ આ સાથે સામેલ ગાઈડલાઈન મુજબ ૧૦ ડીસેમ્બર-૨૦૨૫ સુધીમાં પૂર્ણ કરવાનો રહેશે.
(૩) શાળા અને જિલ્લા કક્ષાના કૌશલ્યોત્સવ ઉપર સૂચવ્યા મુજબ સમય મર્યાદામાં નિયત ગાઈડલાઈન મુજબ પૂર્ણ કરવાનો રહેશે.
(૪) રાજ્ય કક્ષાના કૌશલ્યોત્સવનનુ આયોજન અમદાવાદ જિલ્લા (ગ્રામ્ય) દ્વારા કરવાનું થાય છે આ માટે અત્રેથી રૂ ૧૦,૦૦,૦૦૦/-ની ડીસ્ટ્રીક્ટ લિમિટ રાજ્ય કચેરી દ્વારા ફાળવવામાં આવેલ છે. રાજ્ય કક્ષાના કૌશલ્યોત્સવનું આયોજન ડીસેમ્બર-૨૦૨૫/જાન્યુઆરી-૨૦૨૬ દરમિયાન કરવાનું રહેશે.

રાજ્ય કચેરી દ્વારા આપવામાં આવેલ ગાઈડલાઈન મુજબ સમય મર્યાદામાં કૌશલ્યોત્સવનું આયોજન કરવા માટે આપની કક્ષાએથી યોગ્ય કાર્યવાહી કરશો.

બિડાણ- (૧) જિલ્લાવાર ગ્રાન્ટ ફાળવણીની વિગતો
(૨) કૌશલ્યોત્સવની ગાઈડલાઈન

(શિલ્પા પટેલ)
સચિવ
સ્ટેટ પ્રોજેક્ટ ઓફિસ
સમગ્ર શિક્ષા, ગાંધીનગર

નકલ રવાના જાણ સારૂ:
- જિલ્લા વોકેશનલ કો.ઓર્ડીનેટરશ્રી તમામ.
- જિલ્લા હિસાબી અધિકારીશ્રી તમામ.

નકલ રવાના સવિનય જાણ સારૂ:
- પી એ ટુ માન. એસપીડીશ્રી, સદર કચેરી
- પી એ ટુ માન. એએસપીડીશ્રી, સદર કચેરી

# <u>કૌશલ્યોત્સવ - વર્ષ ૨૦૨૫-૨૬</u>

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ (NEP-2020)માં કૌશલ્ય સ્પર્ધા (સ્કીલ કોમ્પિટિશન) નિર્ણાયક ભૂમિકા ભજવે છે કારણ કે તે વ્યાવસાયિક શિક્ષણ, કૌશલ્ય વિકાસ અને પ્રાયોગિક શિક્ષણ પર નીતિ સાથે સુસંગત છે.

**કૌશલ્ય સ્પર્ધાનું મહત્વ :**

- કૌશલ્ય-આધારિત શિક્ષણને પ્રોત્સાહન, પ્રતિભાઓની ઓળખ, વ્યાવસાયિક શિક્ષણ અને ઉદ્યોગની જરૂરિયાતો વચ્ચે સંકલન સુનિશ્ચિત થાય જે વિદ્યાર્થીઓને વધુ રોજગારીને પાત્ર બનાવે છે.
- ક્રિટિકલ થિંકિંગ એન્ડ પ્રોબ્લેમ સોલ્વિંગ: કૌશલ્ય સ્પર્ધાઓમાં વિદ્યાર્થીઓને સમયની મર્યાદામાં રહીને વાસ્તવિક દુનિયાની સમસ્યાઓના નિરાકરણ માટે તેમના જ્ઞાનનો ઉપયોગ કરવાની જરૂર પડે છે, જેથી મહત્ત્વપૂર્ણ વિચારસરણી, નવીનતા અને સમસ્યા-નિરાકરણના કૌશલ્યોમાં વધારો થાય છે.
- સહયોગ અને ટીમવર્ક: ઘણી કૌશલ્ય સ્પર્ધાઓમાં ટીમ આધારિત કાર્યો સામેલ હોય છે, જે સહયોગ, નેતૃત્વ અને અસરકારક સંચારને પ્રોત્સાહન આપે છે.
- ઉદ્યોગ સાહસિકતા અને નવીનતાને પ્રોત્સાહન: કૌશલ્ય સ્પર્ધા સહભાગીઓને પડકાર આપીને ઉદ્યોગ સાહસિકતાની વિચારસરણીને પ્રોત્સાહિત કરે છે, જેથી તેઓ તેમના કૌશલ્ય માટે નવીન ઉકેલો અને એપ્લિકેશન તૈયાર કરી શકે.
- સર્જનાત્મકતા અને નવીનતા: કૌશલ્ય સ્પર્ધા વિદ્યાર્થીઓને બોક્સની બહાર વિચારવા અને જટિલ કાર્યોના સર્જનાત્મક ઉકેલ માટે પ્રોત્સાહિત કરી છે.
- આત્મવિશ્વાસ અને પ્રેરણા: કૌશલ્ય સ્પર્ધાઓમાં ભાગ લેવાથી વિદ્યાર્થીઓના આત્મવિશ્વાસ અને પ્રેરણામાં વધારો થાય છે અને તેમને તેમની ક્ષમતાઓ પ્રદર્શિત કરવા, માન્યતા પ્રાપ્ત કરવા અને તેમની સફળતાની ઉજવણી કરવા માટે એક પ્લેટફોર્મ પૂરું પાડે છે.
- તકોની સમાન સુલભતા: NEP-2020 તમામ વિદ્યાર્થીઓને તેમની સામાજિક-આર્થિક પૃષ્ઠભૂમિને ધ્યાનમાં લીધા વિના સમાન તકો પ્રદાન કરવાના વિચારને પ્રોત્સાહન આપે છે. કૌશલ્ય સ્પર્ધાઓ સર્વસમાવેશક હોઈ શકે છે, જે હાંસિયામાં ધકેલાઇ ગયેલા સમુદાયોના વિદ્યાર્થીઓને તેમની પ્રતિભાને ઓળખવા અને પ્રોત્સાહિત કરવા પ્રોત્સાહિત કરવા માટે એક તક આપે છે.

# કૌશલ્યોત્સવ - ગુજરાત રાજય

કૌશલ્યોત્સવ એ ગુજરાત રાજયના સમગ્ર શિક્ષા હેઠળની વોકેશનલ શાળાના વિદ્યાર્થીઓ માટેની પહેલ છે. જેનો મુખ્ય ઉદ્દેશ્ય રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ને સાકાર કરવા તથા રાજ્યના યુવાનોને તેમની પ્રતિભા અને કૌશલ્યોને પ્રદર્શિત કરવા માટે એક પ્લેટફોર્મ પુરું પાડે છે. આ સ્પર્ધામાં રાજ્યની તમામ વોકેશનલ શાળાઓનાં ધોરણ-૯ થી ૧૨માં વોકેશનલ એજ્યુકેશનનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ભાગ લેવા પ્રેરિત કરવા રાજ્ય કચેરી, જિલ્લા કચેરી તથા સમગ્ર શિક્ષા અંતર્ગત જોડાયેલ તમામ પ્રોજેક્ટ સ્ટાફ મહત્વ પૂર્ણ ભાગ ભજવી શકે છે.

**“કૌશલ્યોત્સવ એ કોઇ સ્પર્ધા નહિં, પણ દરેક ટ્રેડનાં વિદ્યાર્થીએ હસ્તગત કરેલ કૌશલ્ય સજ્જતાની ઉજવણી છે.”**

**પ્રોજેક્ટ માટે નીચેના મુદ્દા ધ્યાને લેવાના રહેશે:**

1. ટ્રેડમાં કરવામાં આવતાં દરેક કામ અને તેમાં વપરાતાં સાધનો વિશે નોંધ કરો.
2. દરેક કામ અને સાધનો સાથે કોઇ સમસ્યાઓ/સાઇડ ઇફેક્ટ સંકળાયેલ હશે તે વિશે નોંધ કરો.
3. વ્યવસાયિક, ઉદ્યોગ જગત અને ક્ષેત્રના વિવિધ વિષયો દ્વારા શું અને કેવી રીતે વિવિધ કૌશલ્યો શીખ્યા છો તે પ્રમાણે રચનાત્મક પ્રોજેક્ટ્સ બનાવવા તથા ઉપરોક્ત એક અથવા વધુ પરિમાણોને હાંસલ કરવામાં મદદ કરશે.
4. પસંદ કરેલ પ્રોજેક્ટને તમારી શાળામાં / તમારા ઘર ની આસપાસ / બજારમાં / ફરવાનાં સ્થળે/ બીજે ગમે ત્યાં જે જુઓ છો તેને નોંધો.
5. હવે આ પ્રોજેક્ટને તમે તમને આવડતી સ્કિલ પરથી કેવી રીતે સાકાર કરી શકો તે વિચારી ને તેનાં પર પ્રોજેક્ટ બનાવો. (તમે બીજા ટ્રેડ સાથે સંકળાયેલ સ્કિલ નો પણ ઉપયોગ કરી શકો છો.)

**૨૦૨૫-૨૬નાં કૌશલ્યોત્સવનાં પરિણામો:**

- આ કૌશલ્યોત્સવનાં પરિણામ સ્વરુપ આપણને જે પણ પ્રોજેક્ટ મળશે તે આપણાં જ વિદ્યાર્થીઓ તરફથી સમાજને વધુ બહેતર બનાવવાનાં ઉપાયો છે.
- આ કૌશલ્યનાં ઉત્સવથી વિદ્યાર્થીઓ આસપાસનાં પર્યાવરણ અને સમાજ માટે ઉપયોગી બનશે.
- પોતે મેળવેલ ૨૧મી સદીની સ્કિલનો યોગ્ય ઉપયોગ કરતાં શીખશે.
- “Problem Solving” સ્કિલ વિકસશે.
- કૌશલ્યોમાં વધારો થાય, ટીમવર્ક, કોમ્યુનિકેશન, રચનાત્મક વિચાર સાથેના પ્રોજેક્ટ્સને પ્રોત્સાહન.

# કૌશલ્યોત્સવની ગાઈડલાઈન

<u>આ સ્પર્ધા ૩ (ત્રણ) તબક્કામાં કરવામાં આવશે.</u>

૧. શાળા સ્તર

૨. જિલ્લા સ્તર

૩. રાજ્ય સ્તર

<u>૧. પ્રથમ તબક્કો: શાળા સ્તર</u>

- દરેક વોકેશનલ શાળાના ધોરણ ૯ થી ૧૨ના વોકેશનલ વિષય ધરાવતા વિદ્યાર્થીઓ જ કૌશલ્યોત્સવમાં ભાગ લઈ શકશે.
- આ સ્પર્ધામાં વિદ્યાર્થી, વ્યક્તિગત અથવા જૂથમાં (જૂથમાં વધુમાં વધુ ચાર વિદ્યાર્થી) ભાગ લઈ શકે છે.
- શાળામાં ચાલતા તમામ ટ્રેડના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકે છે.
- એક જ પ્રોજેક્ટમાં બે અલગ અલગ ટ્રેડના વિદ્યાર્થી પણ જૂથ બનાવીને ભાગ લઈ શકે છે.
- **<u>શાળા લેવલ પર કૌશલ્યોત્સવ તા:૩૦-૧૧-૨૦૨૫ સુધીમાં યોજવાનો રહેશે.</u>**
- ભાગ લીધેલા દરેક વિદ્યાર્થી અથવા વિદ્યાર્થી ગ્રુપને પ્રોજેક્ટ માટે શાળાએ જગ્યા ફાળવવાની રહેશે.
- વિદ્યાર્થીઓ કાર્યકારી પ્રોજેક્ટ અથવા મોડેલ સાથે શાળામાં આવશે જેનું મૂલ્યાંકન શાળામાં રચાયેલી મૂલ્યાંકન સમિતિ દ્વારા કરવામાં આવશે.
- દરેક શાળા એક શ્રેષ્ઠ પ્રોજેક્ટ પસંદ કરશે જેને સ્પર્ધાના બીજા તબક્કા માટે નામાંકિત કરવામાં આવશે.
- શાળા કક્ષાએ યોજાયેલ સ્પર્ધા દીઠ ત્રણ નિર્ણાયકો હોવા જરૂરી છે.
- નિર્ણાયક તરીકે શાળાના આચાર્યશ્રી, સ્કીલ નિષ્ણાંત તથા શાળાના શિક્ષકો, આઈ.ટી.આઈ.ના આચાર્યશ્રી/ઇન્સ્ટ્રકટરને રાખી શકાશે.
- સમિતિએ પ્રોજેક્ટનું મૂલ્યાંકન કરવાનાં માપદંડ, ગુણ તથા રીપોર્ટિંગનું ફોર્મેટ આ સાથે સામેલ છે.
- સ્પર્ધામાં ભાગ લીધેલ દરેક વિદ્યાર્થીને શાળા તરફથી, શાળા સ્તરીય સ્પર્ધામાં ભાગ લીધાનું સર્ટિફિકેટ અને પ્રથમ ક્રમાંક વિજેતા ગ્રુપને શાળા સ્તરે પ્રથમ ક્રમાંકનું સર્ટિફિકેટ આપવાનું રહેશે.
- શાળાએ જિલ્લાને કરવાનાં રીપોર્ટિંગનું ફોર્મેટ આ સાથે સામેલ છે.
- દરેક શાળાને "Skill competition"- કૌશલ્યોત્સવનાં અમલ માટે શાળા કક્ષાએ ફાળવવામાં આવેલ રો-મટીરીયલ ગ્રાન્ટ માંથી વોકેશનલ ગ્રાંટ/લિમિટમાંથી શાળા કક્ષાની સ્પર્ધાનો જરુરી નાણાંકીય ખર્ચ કરવાનો રહેશે.(મહત્તમ રૂ.૫૦૦૦/-ની મર્યાદામાં)
- થયેલાં ખર્ચનાં નિયમ અનુસાર બિલ વાઉચર અને રેકોર્ડ નિભાવવાનાં રહેશે.

૨. <u>દ્વિતિય તબક્કો - જિલ્લા સ્તર</u>

- દરેક શાળામાંથી પ્રથમ પસંદગી પામેલ પ્રોજેક્ટ જિલ્લા કક્ષાએ આવશે.
- **<u>જિલ્લા સ્તર પર શાળા કક્ષાની પ્રતિયોગીતા પૂર્ણ થયા બાદ ૧૦ ડીસેમ્બર સુધીમાં કૌશલ્યોત્સવ યોજવાનો રહેશે. જિલ્લા કક્ષાએ યોજાનાર કૌશલ્યોત્સવની તમામ વિગતો (તારીખ, સમય, સ્થળ, પ્રોજેક્ટની સંખ્યા વગેરે) રાજ્ય કક્ષાએ અગાઉથી જાણ કરવાની રહેશે.</u>**

- કૌશલ્યોત્સવ માટે પસંદ કરેલ સ્થળ પર આવેલ વિદ્યાર્થીઓનાં પ્રોજેક્ટ માટે યોગ્ય જગ્યા ફાળવવાની રહેશે.
- જિલ્લા કક્ષાની સ્પર્ધા અંતર્ગત મૂલ્યાંકન સમિતિમાં નીચે મુજબના સભ્યો રાખવાના રહેશે.
    - આઈ.ટી.આઈ. આચાર્યશ્રી, સુપરવાઈઝર ઇન્સ્ટ્રકટરશ્રી
    - સ્કિલના નિષ્ણાંત
- સમિતિ એ પ્રોજેક્ટનુ મૂલ્યાંકન કરવાનાં માપદંડનુ ફોર્મેટ અને રાજ્યને કરવાનાં રીપોર્ટિંગ નું ફોર્મેટ આ સાથે સામેલ છે.
- સ્પર્ધામાં ભાગ લીધેલ દરેક વિદ્યાર્થીને જિલ્લા તરફથી, જિલ્લા સ્તરીય સ્પર્ધામાં ભાગ લીધાનું સર્ટિફિકેટ અને પ્રથમ ક્રમાંક વિજેતાને જિલ્લા સ્તરે પ્રથમ ક્રમાંક નું સર્ટિફિકેટ આપવાનું રહેશે.
- દરેક જિલ્લા પાસે "Skill competition"- કૌશલ્યોત્સવનાં અમલ માટે જિલ્લા દીઠ સામેલ યાદી મુજબ ગ્રાન્ટ/લિમિટ ફાળવેલ છે. આ અંતર્ગત બેઠક વ્યવસ્થા, રો-મટીરીયલ, ચા-નાસ્તો/જમવાનું, વાહન વ્યવસ્થા, ઇનામ, પ્રમાણપત્ર, તજજ્ઞ ભથ્થું, સાઉન્ડ, તથા અન્ય જરૂરી વ્યવસ્થા કરી શકાશે. આ અન્વયે જરૂરી લાગેતો ખાસ કિસ્સામાં જિલ્લા કક્ષાએ વોકેશનલ અંતર્ગત રો-મટીરીયલ ગ્રાન્ટ/લિમિટનો ઉપયોગ કરી શકાશે.
- થયેલાં ખર્ચનાં નિયમ અનુસાર બિલ વાઉચર અને રેકોર્ડ નિભાવવાનાં રહેશે.

3. <u>તૃતિય તબક્કો – રાજય સ્તર</u>

- જિલ્લા સ્તરે પ્રથમ ક્રમાંકે આવેલ પ્રોજેક્ટ રાજ્યકક્ષાના કૌશલ્યોત્સવમાં ભાગ લઇ શકશે.
- વર્ષ ૨૦૨૫-૨૬ રાજ્યકક્ષાના કૌશલ્યોત્સવનું આયોજન જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, અમદાવાદ (ગ્રામ્ય) દ્વારા નક્કી થાય તે સ્થળે આયોજિત કરવામાં આવનાર છે. સ્થળ અને તારીખ નક્કી થયેથી તે અંગેની જાણ દરેક જિલ્લાને કરવામાં આવશે.
- રાજ્યકક્ષાના કૌશલ્યોત્સવમાં થનાર ખર્ચ અંગેની જરૂરી ગ્રાન્ટ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, અમદાવાદ (ગ્રામ્ય)ને અત્રેની કચેરી દ્વારા ફાળવવામાં આવશે.
- રાજ્યકક્ષાએ વિજેતા થનાર પ્રથમ ત્રણ પ્રોજેક્ટને ઇનામ, ટ્રોફી તથા પ્રમાણપત્ર આપવામાં આવશે.

દરેક સ્તર પર પ્રોજેક્ટને નીચે પ્રમાણે ગુણ આપવા અંગે માર્ગદર્શન નિર્ણય માટે ધ્યાનમાં લેવાનાં મુદ્દા:

આ સ્પર્ધા કોઇ સેક્ટર/ટ્રેડમાં હાસલ કરેલ સ્કિલ પર નહિં પરંતુ કોઇ સમસ્યા ને હલ કરી શકવાની ક્ષમતા, રચનાત્મકતા, પ્રેઝન્ટેશન સ્કીલ, ટીમવર્ક વગેરે બાબતો પર વધુ ધ્યાન આપે છે. પોતાની જ આસપાસનાં પર્યાવરણ અને સમાજમાં પડતી મુશ્કેલીઓને વિદ્યાર્થી ઓળખી શકે અને તેને પોતાની આગવી ક્ષમતાથી હલ કરી શકે તે આ સ્પર્ધા નો મુખ્ય ઉદ્દેશ્ય છે.

| | |
|---|---|
| પસંદ કરેલ સમસ્યાનાં **વિષયની યથાર્થતા** | ૧૦ |
| પસંદ કરેલ સમસ્યાનું બનાવેલ પ્રોજેક્ટ સાથે સંકલન | ૧૦ |
| બનાવેલ પ્રોજેક્ટ ની ઉપયોગીતા અને શક્ય અમલીકરણ | ૧૦ |
| બનાવેલ પ્રોજેક્ટ નું મોડેલ પ્રેઝન્ટેશન અને ઉપયોગ માં લીધેલ સામગ્રી | ૧૦ |
| બનાવેલ પ્રોજેક્ટ નું શાબ્દિક પ્રેઝન્ટેશન તથા પ્રોજેક્ટ/વોકેશનલ એજ્યુકેશનનું જ્ઞાન | ૧૦ |
| કુલ માર્ક્સ | ૫૦ |

ડૉ. એમ.એમ.પટેલ, GAS
એડીશનલ સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર
સમગ્ર શિક્ષા

સમગ્ર શિક્ષા
Samagra Shiksha

ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરની કચેરી,
સમગ્ર શિક્ષા, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેકટર-૧૯
ગાંધીનગર.-૩૮૨૦૨૧
ફોન.૦૭૯-૨૩૨ ૩૨૪૧૩
E-mail: aspd-gcsess@gujarat.gov.in

ક્રમાંકઃએસએસ/એઆરએન્ડવીઇ/૨૦૨૫/ ૩૨૩૯૫-૪૦૮ તા. ૨/૦૭/૨૦૨૫

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા: તમામ

વિષય: વર્ષ ૨૦૨૫-૨૬ વોકેશનલ એક્ટિવિટી ગાઈડ લાઈન બાબત
સંદર્ભ: એ.આર.& વી.ઇ. શાખાની તા.૨૪/૦૬/૨૦૨૫ની નોંધ પર માન.એસ.પી.ડી.શ્રીની મળેલ મંજૂરી

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે આપશ્રીને જણાવવાનું કે, સમગ્ર શિક્ષા વર્ષ ૨૦૨૫-૨૬ અંતર્ગત (SS & PM SHRI) શાળાઓ માટેની વોકેશનલ એજ્યુકેશન એક્ટિવિટી પૈકીની મુખ્ય નવ (૯) એક્ટીવીની વિગતો નીચે મુજબ છે.

ટેબલ-૧

| No | Activity Master | Level | Annual Grant (Rs.) |
|---|---|---|---|
| | **Recurring Support VE - Existing** | | |
| 1 | Financial Support for Vocational Teacher/ Trainer (Existing) | District | 69,000 |
| 2 | Financial Support for Resource Persons (Existing) | School | 5000 |
| 3 | Raw material grant for new school per course (Existing) | School | 1,00000 |
| 4 | Cost of providing Hands Training Students (Existing) | School | 1,00000 |
| 5 | Office Expenses / Contingencies for School (Existing) | School | 25,000 |
| 6 | In-service Training of VE - Teachers (5 - Days) - (Existing) | District | 2500 |

ટેબલ-૨

| No | Activity | Physical | Unit Cost | Grant Level |
|---|---|---|---|---|
| 1 | Career Guidance | 1,51,080 | 100 | District |
| 2 | Vocational for CWSN | 100 | 3,00000 | BRC/URC/CRC |
| 3 | Iternship for Higher Secondary Students (VE) | 39,582 | 2500 | District |
| 4 | Skill Competition (VE) | 01 | 3,24,324 | District/Co. |

ઉપરોક્ત ક્રમ ૧ થી ૯ એક્ટિવિટીનું અમલીકરણ અત્રેથી આપવામાં આવેલ ગાઈડ લાઈન મુજબ અને વર્ષ ૨૦૨૫-૨૬ નાં એક્ટીવીટીવાર મંજૂર બજેટની મર્યાદામાં જિલ્લા/તાલુકા અને શાળા કક્ષાએથી કરવા માટે આપશ્રીની કક્ષાએથી સંલગ્ન તમામને જરૂરી સૂચના પાઠવશો.

(ડૉ.એમ.એમ. પટેલ)
એડી. સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર
સમગ્ર શિક્ષા, ગાંધીનગર

<u>નકલ રવાના:</u>

૧. જિલ્લા વોકેશનલ કો.ઓ તમામ

૨. હિસાબી શાખા, અત્રેની કચેરી.

ડૉ. એમ.એમ.પટેલ, GAS
એડીશનલ સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર
સમગ્ર શિક્ષા

NIPUN
પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન

# ગુજરાત શાળા શિક્ષણ પરિષદ

સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરની કચેરી,
સમગ્ર શિક્ષા, સેક્ટર-૧૭,
ગાંધીનગર.-૩૮૨૦૧૦
ફોન.૦૭૯-૨૩૨ ૩૨૪૧૩
E-mail: aspd-gcsess@gujarat.gov.in

ક્રમાંકઃએસએસ/એઆરએન્ડવીઇ/૨૦૨૫/ ૧૯૬૭૧-૬૭૭ તા.૨૧/૦૪/૨૦૨૫

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા: તમામ

વિષય: વોકેશનલ એજ્યુકેશન અંતર્ગત ઉનાળુવેકેશનમાં ઇન્ટર્નશિપ કરાવવા બાબત.

**સંદર્ભ: (૧) અત્રેની કચેરીનો પત્રક્રમાંક:એસએસ/એઆરએન્ડવીઈ/૨૦૨૪/૫૭૨૮૧-૩૧૩ તા.૦૫/૧૨/૨૦૨૪**

**(૨) વોકેશનલ શાખાની તા.૧૬/૦૪/૨૦૨૫ની નોંધ પર માન. એસ.પી.ડી.શ્રીની મળેલ મંજૂરી અન્વયે**

**શ્રીમાન,**

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે આપશ્રીને જણાવવાનું કે, NEP-2020 અન્વયે સમગ્ર શિક્ષા વોકેશનલ એજ્યુકેશન અંતર્ગત રાજ્યની ૧૭૩૨ સરકારી અને બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વોકેશનલ એજ્યુકેશન કાર્યરત છે.

**ઇન્ટર્નશિપ**એ શિક્ષણની દુનિયા અને કામની દુનિયા વચ્ચેના અંતરને દૂર કરવામાં ચાવીરૂપ સાબિત થયું છે. તેણે વિદ્યાર્થીઓને પસંદગીની સંસ્થાઓમાં વાસ્તવિક સમયના વાતાવરણમાં કામ કરવા માટે ટૂંકા ગાળાનું, પ્રત્યક્ષ એક્સપોઝર આપ્યું છે. વિદ્યાર્થીઓને 'કામની દુનિયા'નો અનુભવ કરવાની તકો પૂરી પાડવા અને આ રીતે તેમને શૈક્ષણિકમાંથી કારકિર્દી તરફ જવા માટે તૈયાર કરવા માટે ઇન્ટર્નશિપ મહત્વનો ભાગ ભજવે છે.

NEP–2020 માં વોકેશનલ એજયુકેશનને અપાયેલ મહત્વ અને ઉપર મુજબ **ઇન્ટર્નશિપ**ની અગત્યતા ધ્યાને લઈ વર્ષ ૨૦૨૫-૨૬ માં ધોરણ ૧૧ અને ૧૨ના વિદ્યાર્થીઓ માટે ઉનાળુ વેકેશન, દિવાળી વેકેશન દરમિયાન **ઇન્ટર્નશિપ** માટેનું આયોજન કરવાનું રહેશે.

સમગ્ર શિક્ષા વોકેશનલ એજયુકેશન અંતર્ગત ઉચ્ચતર માધ્યમિક શાળાના (ધોરણ ૧૧ અને ૧૨) ના વિદ્યાર્થીઓને ઇન્ટર્નશિપ શરૂ કરવા આપની કચેરીને લગત ગાઈડલાઈન, પ્રેઝન્ટેશન, ઇન્ટર્નશિપ માટે વિદ્યાર્થી પુસ્તિકા, Vertical Mobility પુસ્તિકા આ સાથે બિડાણમાં સામેલ છે.

**ઇન્ટર્નશિપ** કાર્યક્રમને અસરકારક બનાવવા માટે આપની(જિલ્લા) કક્ષાએથી RMSA કો-ઓર્ડીનેટર નોડલ અધિકારી તરીકે સેવા આપશે અને તાલુકા કક્ષાએ BRC/URC/BRP નોડલ ઓફિસર તરીકે કાર્ય કરશે અને **ઇન્ટર્નશિપ** કાર્યક્રમની પ્રક્રિયા સુનિશ્ચિત કરશે. જિલ્લા અને તાલુકા કક્ષાએ ઇન્ટર્નશિપ કાર્યક્રમને ઉદ્યોગ સાથે જોડાણ કરવા અને એમ્પ્લોઇ સાથે MOU અને પ્રક્રિયાને અસરકારક રીતે અમલીકરણ કરવા માટે આયોજન કરવાનું રહેશે.

જે વિદ્યાર્થીઓએ **ઇન્ટર્નશિપ** કરેલ હોય તેનો ડેટા ઈન્ટર્નશીપ પોર્ટલ પર ભરવાનો રહેશે તેમજ દૈનિક ડાયરી, એમ્પ્લોય માહિતી, વિદ્યાર્થી લોગ ઈનની કામગીરી VT ની રહશે. જિલ્લાકક્ષાએથી આપશ્રી અને RMSA કો-ઓર્ડીનેટર તેમના લોગ ઈન આઈડીથી મોનીટરીંગ કરવાનું રહેશે.

આ કાર્યક્રમના અમલીકરણમાં ધોરણ-૧૧ અને ૧૨નાં વિદ્યાર્થીઓને, VT ને તેમજ **તાલુકા BRP** ને ટી-શર્ટ ફાળવવાનું રહેશે. આ પહેલ ઇન્ટર્નશિપ કાર્યક્રમમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓ, વોકેશનલ ટ્રેનર અને BRP સેકન્ડરી માટે આગવી ઓળખ બનાવવાની છે. ટી-શર્ટની ડીઝાઈન રાજ્ય તરફથી આપવામાં આવશે.

આ ઉપરાંત ચાલુ વર્ષે તથા અગાઉના વર્ષે બાકી રહી ગયેલ ઇન્ટર્નશિપ પૂર્ણ કરેલ વિદ્યાર્થીઓને અને એમના એમ્પ્લોયરને ઇન્ટર્નશિપ પૂર્ણ કર્યા બાદ જિલ્લા તરફથી પ્રમાણપત્ર આપવાનું રહેશે. પ્રમાણપત્રનું ફોર્મેટ રાજ્ય તરફથી આપવામાં આવશે.

ઇન્ટર્નશિપએ ઉનાળુ વેકેશન દરમિયાન થાય તેમજ કોઈ વિદ્યાર્થીઓને ચાલુ શૈક્ષણિક સત્ર દરમિયાન અભ્યાસમાં ખલેલ ન પહોચે તે હેતુથી ઉનાળુ વેકેશન દરમિયાન પાત્રતા ધરાવતા તમામ વિદ્યાર્થીઓ માટે ઈન્ટર્નશીપ કાર્યક્રમ પૂર્ણ કરવો અને આ અંગેનો રિપોર્ટ અત્રેની કચેરીને ૧૫/૦૬/૨૦૨૫ સુધી મોકલી આપવાનો રહેશે.

ઉપરોકત વિગતો ધ્યાને લઈ આપની કક્ષાએથી ૨૦૨૫-૨૬માં વિદ્યાર્થીઓને ઇન્ટર્નશિપ કાર્યક્રમનો અમલ કરવા માટે સંબંધિત તમામને સૂચના આપશો અને સ્કુલ વાઈઝ ઉનાળુ વેકેશનમાં ઇન્ટર્નશિપના આયોજનની વિગતો રાજ્ય કચેરીને મોકલી આપશો.

બિડાણ-

(૧) ગાઈડલાઈન

(૨) પ્રેઝન્ટેશન,

(૩) ઇન્ટર્નશિપ માટે વિદ્યાર્થી પુસ્તિકા,

(૪) Vertical Mobility પુસ્તિકા

**(ડૉ એમ.એમ.પટેલ)**
**એડી. સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર**
**સમગ્ર શિક્ષા, ગાંધીનગર**

ડૉ. એમ.એમ.પટેલ, GAS
એડીશનલ સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર
સમગ્ર શિક્ષા

સમગ્ર શિક્ષા
Samagra Shiksha

ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરની કચેરી,
સમગ્ર શિક્ષા, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯
ગાંધીનગર.-૩૮૨૦૨૧
ફોન.૦૭૯-૨૩૨ ૩૨૪૧૩
E-mail: aspd-gcsess@gujarat.gov.in

ક્રમાંક:એસએસ/એઆરએન્ડવીઇ/૨૦૨૫/ 32394-405                    તા. 2/07/૨૦૨૫

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા: તમામ

વિષય: વર્ષ ૨૦૨૫-૨૬ વોકેશનલ એક્ટિવિટી ગાઈડ લાઈન બાબત
સંદર્ભ: એ.આર.& વી.ઇ. શાખાની તા.૨૪/૦૬/૨૦૨૫ની નોંધ પર માન.એસ.પી.ડી.શ્રીની મળેલ મંજૂરી

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે આપશ્રીને જણાવવાનું કે, સમગ્ર શિક્ષા વર્ષ ૨૦૨૫-૨૬ અંતર્ગત (SS & PM SHRI) શાળાઓ માટેની વોકેશનલ એજ્યુકેશન એક્ટિવિટી પૈકીની મુખ્ય નવ (૯) એક્ટીવીની વિગતો નીચે મુજબ છે.

ટેબલ-૧

| No | Activity Master | Level | Annual Grant (Rs.) |
|---|---|---|---|
| | Recurring Support VE - Existing | | |
| 1 | Financial Support for Vocational Teacher/ Trainer (Existing) | District | 69,000 |
| 2 | Financial Support for Resource Persons (Existing) | School | 5000 |
| 3 | Raw material grant for new school per course (Existing) | School | 1,00000 |
| 4 | Cost of providing Hands Training Students (Existing) | School | 1,00000 |
| 5 | Office Expenses / Contingencies for School (Existing) | School | 25,000 |
| 6 | In-service Training of VE - Teachers (5 - Days) - (Existing) | District | 2500 |

ટેબલ-૨

| No | Activity | Physical | Unit Cost | Grant Level |
|---|---|---|---|---|
| 1 | Career Guidance | 1,51,080 | 100 | District |
| 2 | Vocational for CWSN | 100 | 3,00000 | BRC/URC/CRC |
| 3 | Iternship for Higher Secondary Students (VE) | 39,582 | 2500 | District |
| 4 | Skill Competition (VE) | 01 | 3,24,324 | District/Co. |

ઉપરોક્ત ક્રમ ૧ થી ૯ એક્ટિવિટીનું અમલીકરણ અત્રેથી આપવામાં આવેલ ગાઈડ લાઈન મુજબ અને વર્ષ ૨૦૨૫-૨૬ નાં એક્ટીવીટીવાર મંજૂર બજેટની મર્યાદામાં જિલ્લા/તાલુકા અને શાળા કક્ષાએથી કરવા માટે આપશ્રીની કક્ષાએથી સંલગ્ન તમામને જરૂરી સૂચના પાઠવશો.

(ડૉ.એમ.એમ. પટેલ)
એડી. સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર
સમગ્ર શિક્ષા, ગાંધીનગર

<u>નકલ રવાના:</u>

૧. જિલ્લા વોકેશનલ કો.ઓ તમામ

૨. હિસાબી શાખા, અત્રેની કચેરી.